જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૪/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૬૪૫/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૮/૦૪/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૩૪૯	૪	૧૧૩૫૩	૧૭૪૬૯	૪	૧૭૪૭૩
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૫	૦	૪૭૦૫	૬૨૨૮	૦	૬૨૨૮
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૬	૦	૭૬	૨૮૭	૦	૨૮૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૩૨૬૫૧	૨૫૩	૩૨૯૦૪	૩૪૦૩૭	૨૨૮	૩૪૨૬૫
કુલ		૪૮૭૮૧	૨૫૭	૪૯૦૩૮	૫૮૦૨૧	૨૩૨	૫૮૨૫૩

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૦	૮.૯૬.૭૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૪૨૫	૧૪,૨૫,૦૦૦/-

પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

પીસીબી

"નિકોલ પોલીસ સ્ટેશનની હદમા રહેણાક મકાનમા સંતાડેલ વિદેશી દારુની બોટલો/ટીન બીયર નંગ ૧૦૭૭ કિંમત રૂ.૨,૪૬,૫૯૬/- ની તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૨,૪૭,૫૯૬/- ના મુદામાલ સાથે એક આરોપીને ઝડપી પાડતી પી.સી.બી."

પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે સુચના આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી નાઓના માર્ગદર્શન હેઠળ તા.૦૮.૦૪.૨૦૨૧ સ્ટાફના મસઈ ધનરાજસિહ માનસિહ, મસઈ અહેકો મહેન્દ્ર વાસુદેવ તથા અહેકો વિજયસિહ હિંદુજી, અહેકો જામસિહ રણુભા, અહેકો ચેતનસિહ નટવરસિંહ વિગેરે માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો મહેન્દ્ર વાસુદેવ તથા અહેકો ચેતનસિહ નટવરસિહ નાઓને સંયુક્તરીતે મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે નિકોલ પોસ્ટે વિસ્તારમા આવેલ રહેણાક મકાન બી/૭, રામેશ્વર બંગલોઝ, પ્રેરણા સોસાયટી પાસે, ફોરચ્યુન એસ્ટેટ સામે, સિંગરવા-કઠવાડા રોડ, કઠવાડા, અમદાવાદ ખાતે રેઈડ કરી વિદેશી દારૂની સીલબંધ બોટલો નંગ ૩૩૧ કિંમત રૂ.૧,૪૦,૪૯૬/-, વિદેશી દારૂ ભરેલ પ્લાસ્ટીક કાગળના પાઉચ નંગ-૩૦ કિંમત રૂ.૨,૨૮૦/-,બીયર ભરેલ પતરાના ટીન નંગ-૭૧૬ કિંમત રૂ.૧,૦૩,૮૨૦/- મળી કિંમત રૂ. ૨,૪૬,૫૯૬/- ની મત્તાનો દારૂ/બીયરનો જથ્થો તથા અન્ય મુદામાલ મળી કુલ કિંમત રૂ.૨,૪૭,૫૯૬/-ની મત્તાના મુદામાલ સાથે આરોપી જયરાજસિહ વનેસિહ ચૌહાણ ઉ.વ.૨૨ રહે. મ.નં.બી/૭, રામેશ્વર બંગલોઝ, પ્રેરણા સોસાયટી પાસે, ફોરચ્યુન એસ્ટેટ સામે, સિંગરવા-કઠવાડા રોડ, કઠવાડા, અમદાવાદ મુળ રહે.ગામ-દાંતીવા તા.જશવંતપુરા જી.- જોધપુર રાજસ્થાન નાને પકડી લઈ કાયદેસરની કાર્યવાહી કરી નિકોલ પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૧૫૨૧૦૩૮૭/૨૦૨૧ પ્રોહિ એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી),૮૧ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

પકડાયેલ આરોપી :

(૧) જયરાજસિહ વનેસિહ ચૌહાણ ઉ.વ.૨૨ રહે. મ.નં.બી/૭, રામેશ્વર બંગલોઝ, પ્રેરણા સોસાયટી પાસે, ફોરચ્યુન એસ્ટેટ સામે, સિંગરવા-કઠવાડા રોડ, કઠવાડા, અમદાવાદ મુળ રહે.ગામ- દાંતીવા તા.જશવંતપુરા જી.જોધપુર રાજસ્થાન

વોન્ટેડ આરોપીઓ:

(૧) અશોકસિંહ ઉર્ફે અશોક મારવાડી ગિરધારીસિંહ ચૌહાણ રહે. મ.નં.બી/૭, રામેશ્વર બંગલોઝ, પ્રેરણા સોસાયટી પાસે, ફોરચ્યુન એસ્ટેટ સામે, સિંગરવા-કઠવાડા રોડ, કઠવાડા, અમદાવાદ(૨)બાબુલાલ જુજારામ રબારી રહે.કઠવાડા, નિકોલ અમદાવાદ

ગુનાની જગ્યા :

બી/૭, રામેશ્વર બંગલોઝ, પ્રેરણા સોસાયટી પાસે, ફોરચ્યુન એસ્ટેટ સામે, સિંગરવા-કઠવાડા રોડ, કઠવાડા

પકડાયેલ મુદામાલ :

(૧) વિદેશી દારૂની સીલબંધ બોટલો નંગ ૩૩૧ કિંમત રૂ.૧,૪૦,૪૯૬/- (૨) વિદેશી દારૂ ભરેલ પ્લાસ્ટીક કાગળના પાઉચ નંગ-૩૦ કિંમત રૂ.૨,૨૮૦/- (૩) બીયર ભરેલ પતરાના ટીન નંગ-૭૧૬ કિંમત રૂ.૧,૦૩,૮૨૦/- (૪) મોબાઈલ ફોન નંગ ૧ કિ.રૂ.૧૦૦૦/ મળી કુલ્લે ૨,૪૭,૫૯૬/- ની મત્તાનો મુદામાલ





નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૪૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૭૫ લીટર દેશી દારૂ, ૧૭૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૭૫ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી, ૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૫૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૪૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૬૪૮/૨૦૨૧**

કૃષ્ણનગરઃ રાજકુમાર નાગોરાવ સીરસાટ (રહે. શિરોમણી પાર્ક નીલકંઠ ફ્લેટ સામે બાપાસીતારામ ચોક નવા નરોડા) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૪/૨૦૨૧ કલાક ૪/૪૫ થી ૬/૧૫ વાગ્યા દરમ્યાન નવા નરોડા બાપાસીતારામ ચોક શિરોમણી પાર્ક નીલકંઠ ફ્લેટ સામે જી.ડી.રોડ હીરાવાડી શિવશક્તિ મંદિર પાસે સીતારામની ચાલી ખાતે આવેલ પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૨૯,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એસ.સાકરીયા ચલાવે છે.

સોનાની કંઠી ખેચી તોડી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૬૪૯/૨૦૨૧**

નિકોલઃ આરતીબહેન વા/ઓ મહેન્દ્રભાઇ દોષી (ઉ.વ.૫૪) (રહે. પ્રાર્થના એક્ઝોટીકા ડી-માર્ટ રોડ નિકોલ) તા.૨૯/૦૩/૨૦૨૧ સવારના ૬/૪૫ વાગ્યાના સુમારે નિકોલ નરોડા રોડ પુનમ બેકરી સામે રીચ કલેક્શન નામની કપડાની દુકાન આગળથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ આરતીબહેનના ગળામાંથી સોનાની કંઠી કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ આરતીબહેન દોષીએ તા.૦૮/૦૪/૨૦૨૧ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.ખાંટ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૬૫૦/૨૦૨૧**

રિવરફ્રંટ ઈસ્ટઃ જડીબહેન વા/ઓ બબાભાઇ શ્રીમાળી (ઉ.વ.૭૬) (રહે. પુરૂષોતમદાસની ચાલી એમ.પી.ની ચાલી પાસે જુનાવાડજ) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૪/૨૦૨૧ કલાક ૧૨/૦૦ વાગ્યા પહેલા વાડજ દશામાના મંદિર પાસે દધિચિબ્રિજ નીચે નદીના પાણીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કૃષ્ણસિહ બહાદુરસિહ ચલાવે છે.

માધવપુરાઃ કશીશ ડો/ઓ નટવરભારતી ગોસાઇ (ઉ.વ.૧૬) (રહે. કાજીમિયાનો ટેકરો શાહપુર દરવાજા બહાર માધવપુરા) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૪/૨૦૨૧ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

સરખેજઃ કરણભાઈ ગોવિંદભાઈ પરમાર (ઉ.વ.૨૨) (રહે. ગોકુલમ એપાર્ટમેન્ટ ઉજાલા સર્કલ પાછળ સરખેજ) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૪/૨૦૨૧ સાજના ૭/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં લુંગી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.ડી.ડોડીયા ચલાવે છે.

ખાડીયાઃ મીયારામ ઉર્ફે માંગીલાલ ગુજ્જર (ઉ.વ.૪૧) (રહે.પતાસા પોળ લાલાનો ખાંચો ગાંધી રોડ) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૪/૨૦૨૧ રાતના ૧૧/૨૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં ચાદર બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખાડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કિરણજી કેશરાજી ચલાવે છે.

ખોખરાઃ રોનાલ્ડ ઉર્ફે રીઝીલ સ/ઓ શૈલેષભાઇ ક્રિશ્ચિયન ઉ.વ-૧૬ રહે-એ/૧૪ કુલદિપ એપાર્ટમેન્ટ ઇશ્વરકૃપા ચાર રસ્તા ખોખરા) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૪/૨૦૨૧ ના બપોરના ૧/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.ચુડાસમા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી